# રાજયમાં ફરજિયાત મતદાનનું જાહેરનામું બહાર પડાયું

## ફરજિયાત મતદાનનો અમલ કરાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે

અમદાવાદ, તા.૨૭

રાજયની છ મહાનગર પાલિકાઓ પદ નગરપાલિકાઓ સહિત જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં મતદાનને ફરજીયાત બજાવતા કાયદાનું આજે રાજય સરકાર દ્વારા નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. દેશમાં સહુ પ્રથમ બાદ ગુજરાત રાજયમાં ફરજીયાત મતદાનના કાયદાનો અગામી ઓકટોમ્બર મહિનામાં આવનારી ચૂંટણીઓમાં અમલ થશે આ સંદર્ભમાં એકાદ-બે દિવસમાં આ નવા કાયદા અને તેમાં અનિવાર્ય છુટછાટના નિયમોની પણ જાહેરાત થઈ જશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ખુબ જ વિવાદ વતી રહેલા આ ફરજીયાત મતદાનનો ગુજરાત વિધાનસભાએ વિપક્ષતા ભારે વિરોધ વચ્ચે બબ્બેવાર પચાર કર્યા હતો.

અગાઉના રાજયોમાં સુધારા સૂચવી વિધ વિધાનસભાને પણ કર્યું હતું. ત્યાર બાદ ગુજરાત વિધાનસભાએ સુધારા સાથે પસાર કરેલા આ ઘટડાએ વર્તમાન રાજયપાલ ઓ પી કોહલીએ મંજૂરી આપતા હવે આ અંગે સત્તાવાર નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. જેથી કાયદો બતાવવા પહેલા તેની તમામ ઔપવારિકતા પૂરી કરી શકાય અને આ કાયદા મુજબ મતદાન નહી કરનાર નાગરિકને કેટલી સજા કરવી કે પુરના પુરાવા જોઈ સજા ન કરવી તે એકાદ બે દિવસમાં ચોક્કસ નિયમોની પણ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા પણ સૂત્રો એ દર્શાવી હતી.

ફરજીયાત મતદાનના કાયદા હેઠળ જે લોકો મતદાન ન કરે તેમને ક્યાં પ્રકારની સજાની જોગવાઈ રાખવી. કેટલી સજાની જોગવાઈ રાખવી તેમજ એમાંથી કોને બાકાત રાખવા તેમજ ક્યાં સંજોગોમાં બાકાત રાખવા સહિતના નિયમો સરકાર દ્વારા હવેં ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. દરેક માટે જુદા જુદા પ્રકારના હળવાથી ભારે નિયમો ઘડવામાં આવશે. ફરજિયાત મતદાનની સાથે સરકારે એક નવી જોગવાઈ એવી પણ દાખલ કરી છે કે, પંચાયત કે પાલિકાના ચૂંટાયેલા સભ્યો કે પદાધિકારીઓ તેમના વિસ્તારની કોઈપણ ચૂંટણીમાં મતદાન કરે તો તેમને હોદ્દા ઉપરથી દુર કરવા સુધીના પગલાં લેવા અંગે પણ વટહુકમમાં જોગવાઈ કરવામાં આવી છે.

# વિધાનસભાનું સત્ર ૨૬મી ઓગસ્ટથી આરંભાશે

### સહકારી તેમજ અન્ય સુધારા વિધેયક રજુ થશે
### વિપક્ષની આક્રમક્તા જોઈ સત્ર તોફાની બની શકે

અમદાવાદ, તા.૨૭

ગુજરાત વિધાનસભાનું ટુંકુ ચોમાસુ સત્ર અગામી તા. ૨૭,૨૭ અને ૨૮મી ઓગસ્ટના રોજ યોજાશે. આ ટુંકા સત્રમાં રાજય સરકાર દ્વારા અગામી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીઓને ધ્યાનમાં રાખી કેટલાક પ્રજાલક્ષી યોજનાઓની જાહેરાત કરાય તેવી સભાવના છે. આ ઉપરાંત સરકારી કાયદા ઉપરાંત કેટલાંક મહત્વનાં સુધારા વિદેયક રજુ કરાશે તેમ સૂત્રો જણાવે છે.

જ્યારે બીજી તરફ વિરોધપક્ષે પણ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતી અતિવૃષ્ટિમાં પાયમાલ થયેલા ખેડુતોની કરતું રાજય કક્ષાનું પેકેજ સહિત ફરજીયાત મતદાનના કાયદાના મામલે રાજય સરકારને ઘેરવાનો પ્રયાસ કરશો.

વિધાનસભાનું ત્રણ દિવસનું ટુંકુ સત્ર ખુબ જ તોફાની અને આનંદીબેન પટેલની અત્ગર માટે એસીડ ટેસ્ટ સમાન બની રહશે તેવા સ્પષ્ટ ક્ષેત્રો મળી રહ્યા છે.







**શહેરમાં ૫૦ થી વધુ વૃક્ષો ધરાશાયી : રાહદારીઓ માર્ગ પર અટવાયા**

શહેરમાં વરસાદી વાયરાની સાથે ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જયારે સતત વરસાદી માહોલ દરમિયાન નગરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયેલા જોવા મળ્યા હતા. શહેરમાં અંદાજિત ૫૦થી વધુ વૃક્ષો જમીન દોસ્ત થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે.શહેરના ગ માર્ગ પર સેકટર ૩ પાસે તોતિંગ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. જયારે આ ઉપરાંત કોબા હાઈવે , સે-૬ સે- ૫ એ, સે-૪, સે-૮, સે-૧ ૨સી,સે-૨ ૨, સે- ૨૯ પંચાયત તાલીમ ભવન સામે પણ વૃક્ષ પડયુ હતુ. વિવિધ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરમાં આમપણ ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ મનાય છે.ત્યારે બે દિવસના ભારે વરસાદ દરમિયાન નગરમાં ઠેર ઠેર હરિયાળા વૃક્ષો માર્ગ પર આડશ બનતા નાગરિકોએ હાલાકી વેઠવી પડી હતી.શહેરમાં અંદાજિત ૫૦ જેટલા વૃક્ષો વરસાદના લીધે જમીન દોસ્ત થયા હતાં. વન વિભાગે આ મામલે વૃક્ષ ધરાશાયી થવાના મામલે વન ચેતના કેન્દ્ર ખાતે ફોન નંબર ૬૦૬૩૨ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં ચાતુર્માસનો મંગલ પ્રવેશ બીજી ઓગસ્ટે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં પ.પૂ. દિગંબર જૈન મુનિ મહારાજ પ્રભાવસાગરજીએ 'ચાર્તુમાસ ગાળવા' માટે મુનિશ્રીએ ગાંધીનગરની પસંદગી કરી છે અને આ માટે દિગંબર જૈનોને તે માટેની સંમતિ પણ આપી દીધી છે. મુનિ મહારાજશ્રી પ્રભાવસાગરનો ગાંધીનગરમાં મંગલ પ્રવેશ તા. ૨૨-૭-૧૫ને બુધવારના દિવસે દિગંબર જૈન ભાઈ-બહેનોની મોટી સંખ્યાની હાજરીમાં મુનિશ્રીને શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિરે સેક્ટર-૨૧ વાજતે ગાજતે 'જૈન ધર્મનો જયજયકાર'ના ગગનભેદી અવાજો સાથે લાવનાર છે. પ્રભાવસાગરજી મુનિહારાજ પ.પૂ. આચાર્ય મુનિશ્રી ૧૦૮ પુષ્પદંત સાગરજી મહારાજના પરમ શિષ્ય છે.

વૃક્ષનગરી ગાંધીનગરની પાવન પવિત્ર ધરતી પરથી મુનિશ્રી ચારમાસ સુધી ધર્મનો પ્રચાર કરનાર છે. ધર્મસંદેશ આપનાર છે. મંગલપ્રવેશ બાદ તા. ૨-૮-૧૫ને રવિવારના દિવસે દિ. જૈનમુનિ પ્રભાવસાગરજી મંગલ કલશ સ્થાપના કરનાર છે. આ દિવસે જૈનો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર છે.

'મંગલ કલશ સ્થાપના સમારોહ'ના દિવસે સવારે ૬ વાગે અભિષેક પૂજન, ત્યારબાદ મંગલાચરણ, ફોટો અનાવરણ પ.પૂ. આચાર્ય મુનિશ્રી ૧૦૮ પુષ્પદંત સાગરજી મહારાજની આ દિવસે સવારે ૯ વાગે થનાર છે. દિપ પ્રાગટ્ય, બહારગામે-ગામથી અને શહેરોએથી પધારેલ અતિથિગ્રહણનું સન્માન અરવિંદકુમાર નાનચંદ, ઉપપ્રમુખ શાહ સુનિલકુમાર મણીલાલ (તલોદવાળા) તેમજ શાહ નિતિનકુમાર દિનેશચંદ્ર, મંત્રી શાહ ચંપકલાલ કચરાલાલ (તલોદવાળા) તેમજ સહમંત્રી શાહ રીતેશકુમાર સુમતિલાલ તેમજ સમસ્ત દિગંબર જૈન સમાજ ગાંધીનગરના ભાઈ-બહેનો ખૂબ ઉત્સાહ અને હેતપૂર્વક, ધાર્મિક ભાવનાથી કરશે.

# આજે મિડીયા ફેડરેશન દ્વારા અખબારી જગતને સ્પર્શતા પ્રશ્નો માટે કમિશનરને રજૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં કાર્યરત મીડીયા ફેડરેશનના હોદ્દેદારોએ અખબારી જગતને સ્પર્શતા પ્રશ્નોની રજૂઆત માટે ગાંધીનગર ખાતે માહિતી કમિશનર કચેરીમાં એકત્ર થવા અખબારી આલમના તંત્રી અને પ્રકાશકોને અપીલ કરી છે.

તાજેતરમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આગામી ત્રણ વર્ષ માટે દર મંજૂર કરવા પેનલ પરના તમામ અખબારોનો પરિપત્ર પાઠવવામાં આવેલ છે. આ પરિપત્રમાં ૨૦૧૨ના રીન્યુઅલ સિવાયના વધારાના અનેક ડોક્યુમેન્ટ માંગવામાં આવેલ છે જેને પરિપત્રમાંથી દૂર કરવાની રજૂઆત માટે આવતીકાલ ૨૮મી જુલાઈ ૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે માહિતી કમિશનરની કચેરી, બ્લોક નં. ૧૯ જૂના સચિવાલય ગાંધીનગર ખાતે તમામ અખબારના તંત્રીઓ તેમજ પ્રકાશક મિત્રોને એકત્ર થઈ રજૂઆત માટે નક્કી કરવામાં આવ્યું છે. આથી સર્વે તંત્રી અને પ્રકાશક મિત્રોને હાજર રહેવા મીડીયા ફેડરેશન દ્વારા અપીલ કરવામાં આવી છે.

ઉપરાંત મજેઠીયા પંચના અમલ સંદર્ભે દરેક નાના-મોટા અખબારોને શ્રમ અને રોજગાર કચેરી દ્વારા પાઠવવામાં આવતી નોટીસ તેમજ કરવામાં આવતા કેસ, જાહેર ખબરના પ્રમાણ, નવા અખબારોને જાહેરખબરની પેનલ માટે પડતી તકલીફ વિશે પણ રજૂઆત કરવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

**રેલવે સ્ટેશન તરફ જવાના માર્ગ પર ગાબડું**

શહેરમાં સતત વરસાદના લીધે ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ઉદભવી છે. શહેરમાં રેલ્વે સ્ટેશન તરફ જવાનો રસ્તો આમપણ સમસ્યાથી ઉભરાઈ રહયો છે. ભારે વરસાદ દરમિયાન રેલવે સ્ટેશન તરફ જવાના માર્ગ પર ગઈકાલે મોટુમસ ગાબડુ પડતા તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા.

# પાનકાર્ડની અરજીનું સ્ટેટસ જાણવાની હેલ્પલાઈનના નંબર સતત નો-રિપ્લાય

ગાંધીનગર, તા. ૨૭

આવકવેરા કાયદા અનુસાર દરેક વ્યક્તિએ પોતાનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર એટલે કે પાન નંબર મેળવી તેના આધારે આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવુ જરૂરી છે. પાનકાર્ડ એ ભારતના નાગરિકની ઓળખનો મહત્વનો દસ્તાવેજ પણ છે. પાનકાર્ડ કઢાવવા માટે ગાંધીનગરમાં એનએસડીએલનું કેન્દ્ર કાર્યરત છે. અહીં અરજી કર્યા બાદ પાનકાર્ડ આવવામાં વાર લાગે ત્યારે તેને ઓનલાઈન ટ્રેક કરી શકાય છે. જો ઓનલાઈન સ્ટેટસ જાણવા ન મળે તો હેલ્પલાઈન નંબર પણ દર્શાવે છે પરંતુ આ નંબર મોટે ભાગે નો-રિપ્લાય થવાથી અરજદારો મુંઝવણમાં મુકાઈ રહ્યા છે.

એનએસડીએલ દ્વારા પાનકાર્ડ માટે અરજીઓની એન્ટ્રી કરી પ્રોસેસ કરવાનું આઉટ સોર્સિંગનું કામ અલંકિત નામની કંપનીને આપ્યું છે. આ કંપની દ્વારા દેશભરમાં એનએસડીએલના કેન્દ્રો પર પ્રાપ્ત થયેલ પાનકાર્ડની અરજીઓની એન્ટ્રી કરી તેને એનએસડીએલની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવે છે. હવે પાનકાર્ડ કઢાવવા માટે અરજીઓની સંખ્યા વધવા લાગી હોવાથી ઘણીવાર દિવસો સુધી તેનું સ્ટેટસ અપલોડ કરાતુ નથી તેથી અરજદારો મુંઝવણમાં મુકાય છે. જ્યારે વેબસાઈટ પર અરજદાર તેનો એકનો બેજ નંબર એન્ટર કરે છે ત્યારે જે સ્ક્રીન દેખાય છે તેમાં દિલ્હીના હેલ્પલાઈન નંબરો ૦૧૧- ૪૨૫૪૧૯૦૮, ૪૨૫૪૧૯૮૪ અને ૪૨૫૪૧૯૮૬ પણ લખેલા હોય છે. આ નંબર પર કોલ કરનાર અરજદારોને મોટે ભાગે નિરાશા જ સાંપડે છે. કારણ કે આ નંબરો લગભગ નો-રિપ્લાય જ થાય છે. સેંકડોવાર પ્રયત્ન કરવાથી એકાદવાર આ નંબર પર પ્રત્યુત્તર મળે છે. અરજદાર વેબસાઈટ પર સ્ટેટસ ના મળવાથી તેમજ હેલ્પલાઈન પણ સતત નો-રિપ્લાય થવાથી ભારે મુંઝવણમાં મુકાય છે અને તેના અગત્યના કામ પણ અટકી જાય છે.

# હજુ ભારે વરસાદની ચેતવણી

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ ભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હજુ પણ તોફાની પવન સાથે વરસાદી ચેતવણી જારી કરવામાં આવી છે. જેના કારણે આગામી દિવસોમાં લોકોને સાવધાન રહેવાની ફરજ પડશે.

પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારો પર લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે જેના પરિણામ સ્વરુપે આગામી ચાર દિવસ દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના થોડાક ભાગોમાં, દિવ અને દમણ, દાદરાનગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છમાં પણ ઘણા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે.

# શહેરમાં સરકારી મકાનોના કમ્પાઉન્ડમાં પાણીનો ભરાવો



(તસવીર : દિપક જાની)


શહેરમાં સતત વરસાદના લીધે ચારેકોર પાણી જ પાણી થઈ ગયુ છે.શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ઘમરોળા લેતુ નજરે પડયુ હતુ જયારે સેકટરામાં પણ ચોમેર પાણી પાણી જોવા મળી રહયુ છે. આંતરિક વિસ્તારોમાં ઉભરાતા પાણીના લીધે કોમન પ્લોટ તળાવમાં ફેરવાઈ ગયા છે. જયારે સરકારી આવાસોના વિસ્તારમાં પણ પાણીનો ભરાવો થયો છે. સરકારી આવાસોના કમ્પાઉન્ડમાં પાણીનો ભરાવો થતા વસાહતીઓએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટર ૨૩ માં છ ટાઈપના આવાસોના કમ્પાઉન્ડમાં પણ વરસાદી પાણી ઉભરી રહયા છે.

# નગરમાં ઘેર ઘેર ગરમાગરમ ભજીયાં, દાળવડાની જયાફત

ગાંધીનગર, તા. ૨૭



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)



નગરમાં છેલ્લા ત્રણ દિવસથી અનરાધાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરીને આહલાદક અનુભવ થઈ રહ્યો છે. ખુશનુમા વાતાવરણનો ભરપૂર લાભ લઈ નગરજનો ઘેર ઘેર ગરમાગરમ ભજીયાં અને દાળવડાની જયાફત માણતાં લોકો નજરે પડી રહ્યા છે. ભજીયાની માંગ વધી જતાં આદુ, મરચાં, કોથમીર અને મેથી ખરીદવા શાક માર્કેટમાં ભારે ભીડ જોવા મળી રહી છે. એકંદરે નગરજનો સર્જાયેલા વાતાવરણ થકી પોતાનો આનંદ મેળવી લેવાની તક જતી કરતા નથી તે જણાઈ આવ્યું છે.

મોડે મોડે પણ મેઘરાજાના ધમાકેદાર આગમને નગરજનોના મન મોહી લીધા છે. ત્રણ દિવસની મોટી સંખ્યામાં ઉમટી પડી ગરમાગરમ ભજીયાનો સ્વાદ માણી રહ્યા છે. શનિવાર અને રવિવારની રજા અને તેમાંય વરસાદે રંગ રાખતા નગરજનોમાં આનંદ અને મોજનો મુડ આવી ગયો હતો. સતત વરસતા ગૃહીણીઓને લાગ્યુ હતુ. આદુ-૧૦૦ રૂ. કિલો, કોથમીર-૬૦ રૂ. કિલો, મેથી ૬૦ રૂ. અને મરચા-૬૦ રૂ. કિલોના ભાવે વેચાણ થઈ રહ્યા છે.

નગરમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ અને સતત

## ખુશનુમા વાતાવરણની મજા માણતા નગરજનો, આદુ, મરચાં, કોથમીર અને મેથીની માંગમાં વધારો

લગાતાર હેલી થકી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને ચોતરફ ભેજવાળુ વાતાવરણ સર્જાઈ ગયું છે. આવા શીતળતાભર્યા વાતાવરણમાં ગરમાગરમ ભજીયા, દાળવડા વગેરે નગરજનોને આકર્ષીત કર્યા વગર રહ્યા નથી અને તે કારણે ઘેર ઘેર ભજીયા, દાળવડાની જયાફત ઉડી રહી છે. તે સિવાય પણ ખાણીપીણીના સ્થળોએ પણ લોકો વરસાદમાં ભીંજાઈને પછી ગરમાગરમ નાસ્તાની માંગમાં ભજીયા મળી જતાં એક રોમાંચક અનુભવ લોકો કરી રહ્યા છે. શનિવાર તથા રવિવારે શાકમાર્કેટમાં આદુ, મરચા, કોથમીર અને મેથી ખરીદવા ગૃહીણીઓ ચાલુ વરસાદે પણ આવી પહોંચતા શાકમાર્કેટ પણ હર્યુભર્યુ લાગી રહ્યું હતું. જો કે આ શાકમાં માંગના કારણે અચાનક જ ભાવ વધારી દેવાયા હોય તેમ વરસી રહેલા વરસાદમાં શનિ-રવિ ઘરે બેસી રહેલા નગરજનોને ગરમાગરમ ભજીયા-દાળવડાએ રજાઓનો આનંદ પૂરો પાડ્યો હતો. ઠંડકભર્યા વાતાવરણમાં વરસતા વરસાદની મજા માણતા માણતા ગરમા ગરમ ચા ની ચુસ્તી અને ગરમ ભજીયા એ નગરજનોની મનગમતી પ્રવૃત્તિ બની ગઈ હતી. જે અવિસ્મરણીય પળોમાં ઉમેરાઈ ગઈ છે.

## ચિરવિદાય

- વિરજીભાઈ સોમાજી રાવલ (ઉ.વ.૭૭) સે-૧૯, રાજભવન, સ્ટાફ ક્વાર્ટર્સ, ગાંધીનગર
- લક્ષ્મણજી વરવાજી મકવાણા (ઉ.વ.૯૦) મુ. બોરીયા (હરેપુરા) તા.જી. ગાંધીનગર
- સ્વ. મનુભાઈ અમરતભાઈ દંતાણી (ઉ.વ.૩૦) તા.જી. ગાંધીનગર